**પ્રેસ પ્રકાશન**

**ભારતીય રિઝર્વ બેંક**

સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

વેબસાઇટ : **www.rbi.org.in**

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

માર્ચ 10, 2017

## હવે ભારતીય રિઝર્વ બેન્કની વેબસાઈટ તમારી આંગળી ના ટેરવે

ભારતીય રિઝર્વ બેન્કે આજે ઔપચારિક રીતે ભારતીય રિઝર્વ બેન્કની વેબસાઈટ (www.rbi.org.in) ની મોબાઈલ એપ્લીકેશન (APP) આવ્રુતિ ની શરૂઆત કરી. આ એપ (APP) એનડ્રોઇડ અને આઈઑએસ પ્લૅટફૉર્મ ઉપર ઉપલબ્ધ છે અને “RBI” શબ્દ વાપરીને, પ્લે સ્ટેશન / એપ સ્ટોર ઉપર થી અનુક્રમે પોતાના એનડ્રોઇડ ફોન/ આઈ ફોન માં ડાઉનલોડ કરી શકાશે.

પ્રારંભ કરવા માટે એપ(APP) માં વેબસાઈટ ઉપર સૌથી વધારી એક્સેસ થતા વિભાગો: પ્રેસ પ્રકાશન, IFSC / MICR કોડ, બેન્કની રજાઓ અને વર્તમાન દર જેમાં નીતિ (પોલિસી) દર અને ચાર મુખ્ય ચલણો ના સંદર્ભ દર નો સમાવેશ થાય છે, ઉપલબ્ધ કરાવવા માં આવેલ છે. એપ (APP) ના પ્રથમ પાના ની ટોચે એક ગતિશીલ વિન્ડો છે જે ત્રણ જાહેર જાગૃતિ સંદેશો: અંકિત મૂલ્ય ₹ 2,000/- અને ₹ 500/- ની ચલણી નોટોની નવી ડિઝાઈન તેમજ આર બી આઈ નો તમારા ગ્રાહક ને જાણો સંદેશ ને ‘આર બી આઈ કહતા હૈ ’ શ્રેણી અંતર્ગત વારાફરથી પ્રદર્શિત કરે છે. આમાં ના કોઈપણ એકને ક્લિક કરીને વપરાશકાર જારી કરવામાં આવેલ જાહેર જાગૃતિ સંદેશ ને ખોલી શકે અને સંપૂર્ણ લખાણ વાંચી શકે છે.વપરાશકર્તા ‘પુશ નોટિફિકેશન’ ફીચર ને સક્રિય કરીને નવા પ્રકાશોનો માટે એલર્ટ મેળવી શકે છે.

એપ (APP) ને વધારી ઉપયોગી અને રસપ્રદ બનાવવા વપરાશકારો તેમના સૂચનો અને અભિપ્રાય ઈ-મેઈલ દ્વારા મોકલાવી શકે છે.

શિબી એસ. માથાઈ

પ્રેસ પ્રકાશન : 2016-2017/2419

પ્રબંધક